પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૬૫ | ૭ ડિસેમ્બર, ૨૦૧૯, શનિવાર; માગસર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હૈદરાબાદના ચારેય નરાધમોનું એન્કાઉન્ટર

**જે ફ્લાયઓવરની નીચે કૃત્ય કરાયુ ત્યાં જ મોતને ઘાટ ઉતારાયા : વહેલી પરોઢે ત્રણ વાગ્યાથી છ વાગ્યાની વચ્ચે એન્કાઉન્ટરની ઘટના : ક્રાઇમ સીન દોહરાવવા લઇ જવામાં આવ્યા બાદ ભાગવા માટે પ્રયાસ કરતા ફૂંકાયા : પોલીસનો દાવો : આરોપીઓએ હથિયારો છીનવી ગોળીબાર કરતાં ૨ પોલીસકર્મી ગંભીર રીતે ઘાયલ :સ્થળ પરથી ૨ હથિયાર જપ્ત કરાયા : પોલીસને ગુનાના સ્થળેથી પીડિતાનો મોબાઇલ, પાવર બેન્ક મળ્યા : પોલીસે બળાત્કારીઓનું એન્કાઉન્ટર કરતાં લોકોએ પોલીસ ઝિંદાબાદના નારા લગાવ્યા અને ફૂલો વરસાવ્યા તો મહિલાઓએ રાખડી બાંધીને ખુશી વ્યક્ત કરી**

નવી દિલ્હી,તા.૬

સમગ્ર દેશને હચમચાવી મુકનાર હૈદરાબાદ વેટનરી તબીબ પર ગેંગ રેપ અને ત્યારબાદ તેની ઘાતકી હત્યા કરીને તેને સળગાવી દેવાની ઘટનાના ૧૦ દિસ બાદ આજે ચારેય નરાધમ પોલીસ સાથેના એન્કાઉન્ટરમાં ઠાર થયા હતા. એન્કાઉન્ટરની ઘટના બાદ સાઈબરાબાદના પોલીસ કમિશ્નર વીસી સજ્જનારે એન્કાઉન્ટરની જગ્યાથી જ પત્રકાર પરિષદ યોજીને સમગ્ર ઘટના અંગે પુરતી માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, આરોપીઓ પોલીસના હથિયારને લઈને ભાગી છુટવાના પ્રયાસમાં હતા, જેથી પોલીસને ગોળી ચલાવી દેવાની ફરજ પડી હતી. તેમણે કહ્યું હતું કે, જ્યારે આરોપી હથિયાર લઈને ભાગી છુટી રહ્યા હતા ત્યારે સ્થળ પર હાજર અધિકારીઓએ તેમને ચેતવણી આપી હતી પરંતુ તેમના ઉપર કોઈ અસર થઈ ન હતી. એન્કાઉન્ટરમાં બે પોલીસ કર્મીઓને ઈજા થઈ છે. સજ્જનારે કહ્યું હતું કે, અમે માનવ અધિકાર પંચ અને અન્ય કોઈ પણ સંગઠનના પ્રશ્નોના જવાબ આપવા માટે સંપૂર્ણ પણે તૈયાર છે. ૩૦ મિનિટ સુધી એન્કાઉન્ટર ચાલ્યુ હતું. પોલીસે કહ્યું હતું કે, અમે વૈજ્ઞાનિક રીતે તપાસ કરી રહ્યા હતા અને ચારેય આરોપીઓને પકડી લીધા બાદ તેમને દસ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ચોથી અને પાંચમી ડિસેમ્બરના દિવસે નરાધમોની પુછપરછ કરવામાં આવી હતી. આજે સવારે ઘટનાને દોહરાવવા માટે ચારેય આરોપીઓને લઈને અમે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં આરોપી આરીફ અને ચિંતાકુટાએ પોલીસને હથિયારો આચકી લીધા હતા. આરોપીઓએ ડંડા અને પથ્થરથી પોલીસ પર હુમલો કર્યો હતો અને ભાગવાના પ્રયાસ કર્યા હતા. બે આરોપીઓએ પોલીસ પર ગોળીબાર પર કર્યો હતો. આરોપીઓની પાસેથી બે હથિયાર

● અનુસંધાન પાન-૭ પર







## એન્કાઉન્ટર સ્થળે પોલીસ પર ફુલોનો વરસાદ કરાયો

તબીબ પર ગેંગરેપ અને હત્યાની ઘટનાથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યાના દસ દિવસ બાદ જ આજે અપરાધીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. પોલીસે એન્કાઉન્ટરમાં તમામ ચાર આરોપીઓને ઠાર કરી દીધા બાદ આને લઈને એકબાજુ લોકોમાં ખુશી જોવા મળી હતી. આરોપીઓ એન્કાઉન્ટરની જગ્યાએ પહોંચ્યા ત્યારે સીનને દોહરાવવાના પ્રયાસ વેળા આરોપીઓએ ભાગી છુટવાનો પ્રયાસ કર્યો હતો. જે દરમિયાન આ આરોપીઓ ઠાર થયા હતા. ઘટનાસ્થળે પહોંચેલા લોકોએ પોલીસ પર ફુલોનો વરસાદ કર્યો હતો. એસીપી જિન્દાબાદ અને ડીસીપી જિન્દાબાદના નાળા લગાવવામાં આવ્યા હતા. પોલીસ પર ફુલોનો વરસાદ કરીને તેમની કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી.

## તેમની પુત્રીના આત્માને હવે જ શાંતિ મળશે : પિતાનો મત

હૈદરાબાદ ગેંગ રેપ અને મર્ડરના આરોપીઓને આજે સવારે એન્કાઉન્ટરમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ પિડિતાના પિતાએ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. સાથે સાથે પોલીસનો આભાર માન્યો હતો. તેમની પ્રથમ પ્રતિક્રિયામાં પિડિતાના પિતાએ કહ્યુ હતુ કે હવે તેમની પુત્રીના આત્માને શાંતિ મળનાર છે. પોલીસ એન્કાઉન્ટરના મામલે ખુશી વ્યક્ત કરીને હૈદરાબાદ ગેગ રેપ પિડિતાની બહેને કહ્યુ હતુ કે આરોપીઓને એન્કાઉન્ટરમાં ઉડાવી દેવામાં આવ્યા છે. આ સમાચાર સાંભળીને ખુબ રાહત થઈ રહી છે. આ એક દાખલો સમાન છે. રેકોર્ડ ટાઈમમાં ન્યાય થયો છે. તે એવા પોલીસ અધિકારીઓનો આભાર માને છે જે આ મુશ્કેલ ઘડીમાં તેમની સાથે રહ્યા છે.

## ન્યુઝ ટ્રેક

### સુડાનમાં છ ભારતીયોના મોત

સુડાનમાં ચાઈના માટીના કારખાનામાં એલપીજી ટેન્કરમાં ભયંકર બ્લાસ્ટ થયો હતો. આ દુર્ઘટનામાં ૨૩ લોકોના મૃત્યુ નીપજ્યા છે. જે પૈકી ૬ ભારતીયો છે. સૂડાનના ભારતીય દૂતાવાસે આ જાણકારી આપી હતી.

### ઈક્વાડોરે નિત્યાનંદને શરણ આપ્યુ નથી

દુષ્કર્મના આરોપોમાં ફરાર અને ભારતથી ભાગી ચૂકેલા બાબા નિત્યાનંદ માટે એવા સમાચાર આવ્યા હતા કે તેમણે ઈક્વાડોર પાસે એક ટાપુ પર નવો દેશ વસાવ્યો છે. આ સમાચારનુ ખંડન કરતા ઈક્વાડોર દૂતાવાસે કહ્યુ છે કે નિત્યાનંદને ઈક્વાડોરે શરણ આપ્યુ નથી.

### ફ્રાન્સમાં પેન્શન સુધારણા મામલે મહા હડતાલ

ફ્રાન્સમાં પેન્શન સુધારણા મામલે મહા હડતાલ પડી છે. ૯૦ ટકા જેટલી રેલવે અને મેટ્રો સેવાઓ ઠપ્પ થઈ ગઈ છે. પેરિસ સહિત અનેક શહેરોમાં લાખો કર્મચારીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ થયુ છે.

## સેંસેક્સ વધુ ૩૩૪ પોઈન્ટ ઘટ્યો

મુંબઈ, તા. ૬

શેરબજારમાં આજે જુદા જુદા પરિબળો વચ્ચે જોરદાર ઘટાડો રહ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૩૩૪ પોઈન્ટ ઘટીને ૪૦૪૪૫ની સપાટી રહ્યો હતો. આજે કારોબાર દરમિયાન યશ બેંક, એસબીઆઈ, ટાટા મોટર્સ, એચડીએફસી, ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. જોકે, બીજી બાજુ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બેંકના શેરમાં વધારો નોંધાયો હતો. આજે જુદા જુદા પરિબળોની અસર રહી હતી. એસબીઆઈ, એચડીએફસી અને અન્ય બેંકોના શેરમાં અફડાતફડી રહી હતી. બેંકિંગ શેરોમાં પાંચ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો.

## નિર્ભયા રેપ કેસમાં દયાની અરજી હવે રાષ્ટ્રપતિ સમક્ષ પહોંચી

**ગૃહમંત્રાલય દ્વારા દયાની અરજી ફગાવી દેવાઈ : ૧૬મી ડિસેમ્બરના દિવસે જ અપરાધીઓને ફાંસી અપાય તેવી અટકળોને વેગ : જેલ તંત્ર દ્વારા પણ પ્રાથમિક તૈયારી**

નવી દિલ્હી, તા. ૬

હૈદરાબાદ રેપ કેસના આરોપીઓના એન્કાઉન્ટર વચ્ચે નિર્ભયા રેપ કેસ મામલામાં મોટા અહેવાલ આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ અપરાધીઓની દયા અરજી હવે રાષ્ટ્રપતિ પાસે પહોંચી ચુકી છે. ગૃહમંત્રાલય દ્વારા દયા અરજીને ફગાવી દેવા માટે સુચના આપી દીધી છે. ગૃહમંત્રાલય દ્વારા અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદ હવે અપરાધીઓની તકલીફ વધી જવાના સંકેત દેખાઈ રહ્યા છે. આ અરજીની ફાઈલ દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈઝલ પાસેથી થઈને ગૃહમંત્રાલય પાસે પહોંચી હતી. મંત્રાલય દ્વારા પોતાની ભલામણો રાષ્ટ્રપતિને મોકલવાની પ્રક્રિયા રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

### પોસ્કો એક્ટમાં દયા અરજી કરવાનો કોઈ અધિકાર નથી : રાષ્ટ્રપતિ

રાજસ્થાનના સિરોહીમાં એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે મહિલા સુરક્ષા એક ગંભીર મુદ્દો છે. પોસ્કો એક્ટ હેઠળ બળાત્કારીઓને દયા અરજી કરવાનો કોઈ અધિકાર નથી. સંસદે દયા અરજીની સમીક્ષા કરવી જોઈએ.


## ઝારખંડમાં આજે બીજા ચરણનું મતદાન

રાંચી, તા. ૬

ઝારખંડ વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટેની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ચુકી છે. બીજા તબક્કામાં આવતીકાલે શનિવારના દિવસે ૨૦ સીટો માટે મતદાન થશે. જમશેદપુર પૂર્વ અને જમશેદપુર પશ્ચિમ વિધાનસભા ક્ષેત્રોમાં ગુરુવારના દિવસે સાંજે પાંચ વાગે અને અન્ય ૧૮ વિધાનસભા સીટ પર સાંજે ત્રણ વાગે ચુંટણી પ્રચારનો અંત આવ્યો હતો. બીજા તબક્કામાં ૨૯ મહિલા અને ૭૩ અપક્ષ સહિત કુલ ૨૬૦ ઉમેદવાર ભાવિનો ફેસલો થનાર છે.

બીજા તબક્કામાં જે આવતીકાલે સાતમી ડિસેમ્બરે જે સીટો ઉપર મતદાન થનાર છે તેમાં બહરાગોડા, ઘાટશિલા, પોટકા, જુગસલાઈ, સરાયકેલા, ખરસાવા, ચાઈબાસા, મઝગાંવ, જગન્નાથપુર, મનોહરપુર, ચક્રધરપુર, તમાડ, માંડર, તોરપા, ખુંટી, સિસઈ, સિમડેગા અને કોલેબિરાનો સમાવેશ થાય છે. પ્રથમ તબક્કામાં ઉંચુ મતદાન થયું હતું.


**બેસણું (રૂપાલવાળા)**



અમારા પૂજ્ય પિતાશ્રી

**માણેકલાલ અંબાલાલ પટેલ**

તા.૦૬/૧૨/૨૦૧૯ને શુક્રવારના રોજ દેવલોક પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૦૮/૧૨/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ- શ્રી વરદાયિની હાઈસ્કૂલ હોલ, મુ.પો. રૂપાલ, તા.જી. ગાંધીનગર. મો. ૯૮૨૪૫ ૪૩૧૯૫

સ્વ. બેચરભાઈ અંબાલાલ પટેલ
સ્વ. પોપટભાઈ અંબાલાલ પટેલ
સ્વ. રમણભાઈ અંબાલાલ પટેલ
સ્વ. ચીમનભાઈ અંબાલાલ પટેલ

સ્વ. અંબાલાલ જોઈતાદાસ પટેલ (મુખીપરીવાર) રૂપાલ

લિ.

રાજેન્દ્રકુમાર માણેકલાલ પટેલ
હસમુખભાઈ માણેકલાલ પટેલ
બ્રિજેશ રાજેન્દ્રકુમાર પટેલ
કલ્પેશ હસમુખભાઈ પટેલ
ભાવિન રાજેન્દ્રકુમાર પટેલ
નિકુંજ હસમુખભાઈ પટેલ

ફર્મઃ- વરદાયિની એન્ટરપ્રાઈઝ, સેક્ટર-૧૧, ગાંધીનગર

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

પટેલ ભીખાભાઈ શામળદાસ તથા પટેલ કાળીદાસ હરજીવનદાસ (કોલવડા)






મફત કાર કેર ક્લિનિક: 6થી - 15મી ડિસેમ્બર, 2019

50-પોઇન્ટ કાર ચેકઅપ | મીકેનિકલ પાર્ટ્સ પર 5% સુધી વળતર | મજૂરી પર 25% સુધી વળતર | RSA પર 10% વળતર | VAS ઉત્પાદનો પર 30% સુધી વળતર | વધુ આશ્ચર્યજનક ઑફરો

Scan the QR code to download Hyundai Care App
iOS Android

For more details, give a missed call on 8884709630 | Complete Peace of Mind 1329 Service Outlets 1134 Sales Points 831 Cities | www.hyundai.co.in Book online at https://book.hyundai.co.in | • 3 Years/ Unlimited km Warranty** • 3 Years Road Side Assistance (RSA) | Lowest cost of maintenance## | Shell HELIX ULTRA with PUREPLUS Technology

*Terms & Conditions apply. "Hyundai received the highest numerical score among auto manufacturers in the J.D. Power 2019 India Customer Service Index (CSI) Study. Study based on 7177 new-vehicle owners who purchased their vehicles between March 2016 and August 2018. The Study was fielded from March through August 2019. Your experience may vary. Visit india.jdpower.com." **3 Years/100,000 kms for EON, SANTRO, GRAND i10, ELITE i20/ACTIVE, XCENT. 3 Years/Unlimited kms for VERNA, CRETA, ELANTRA,VENUE and TUCSON. Variable wonder warranty on NIOS. RSA stands for Road Side Assistance. Lowest average yearly periodic maintenance service cost starts @ ₹2277 for 5 years(Santro Petrol in Delhi) Source:Cardekho.com. HMIL reserves the right to withdraw / modify the scheme without prior notice. Visit your nearest Hyundai dealership for more details. Features and specifications as shown may not be part of standard fitment and are subject to change without prior notice. Hyundai urges you to follow traffic rules - these are meant to keep you safe on roads. INNOCEAN-060/19

**PUNJAB HYUNDAI**

GANDHINAGAR — Plot No. 501/502, GIDC Gate-1,Sectar 28, GANDHINAGAR, ✆ 9825044192
KALOL — C/1/30 GIDC Estate, Behind Aadhar Mall, KALOL, ✆ 9825077648
DEHGAM — Nr.Atithi Hotel, Opp. Ashirwad Hospital, DEHGAM, ✆ 98250 70206